# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-11-2025　　Day: Saturday　　Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ગુજરાત મુલાકાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ સવારે સુરતના નિર્માણાધીન બૂલેટ ટ્રેન મથકની મુલાકાત લેશે. તેમજ 508 કિલોમીટરની લંબાઈના મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કૉરિડોરની પ્રગતિની સમીક્ષા કરશે, જે ભારતની સૌથી મહત્વાકાંક્ષી માળખાગત પરિયોજનાઓમાંથી એક છે.**

**આ ઉપરાંત શ્રી મોદીની ઉપસ્થિતિમાં આજે નર્મદામાં ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીયકક્ષાની ઉજવણી કરાશે. ડેડિયાપાડા ખાતે યોજાનારા કાર્યક્રમમાં શ્રી મોદી કેન્દ્ર અને રાજ્ય સરકારના અંદાજે નવ હજાર 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે.**

**નર્મદામાં આજે રાષ્ટ્રીયકક્ષાના જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેવમોગરા ધામમાં માતાજીની પૂજા-અર્ચના કરશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે. દરમિયાન રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિજાતિ કલાકારો પરંપરાગત પરિવેશમાં શ્રી મોદીનું સ્વાગત કરશે. આ પ્રસંગે શ્રી મોદી કેન્દ્ર સરકાર તરફથી અંદાજે સાત હજાર 667 કરોડ અને રાજ્ય સરકાર તરફથી અંદાજે બે હજાર 112 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી સભાને પણ સંબોધશે.**

---

## બિહાર-વિધાનસભા ચુંટણી પરિણામ:

બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDAએ 202 બેઠક જીતીને પ્રચંત બહુમત સાથે ભવ્ય જીત મેળવી છે.

બિહાર વિધાનસભાની તમામ 243 બેઠકનું પરિણામ જાહેર થયુ તે મુજબ NDAને 202 બેઠક પર વિજય મળ્યો છે. તેમાં ભારતીય જનતા પાર્ટી 89, જનતા દળ યુનાઈટેડ 85, લોક જનશક્તિ પાર્ટી-રામવિલાસ 19, હિન્દુસ્તાની અવામ મોરચા - HAM સેક્યુલર પાંચ અને રાષ્ટ્રીય લોક મોરચા – RLM-એ ચાર બેઠકમાં વિજય મળ્યો છે.તો મહાગઠબંધનને કુલ 35 બેઠક પર વિજય મળ્યો છે.

---

## મુખ્યમંત્રી-રાજકોટ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ટૅક્નોલૉજીના સમન્વયથી ખેતી વધુ ઉત્પાદનકારી બને અને ખેડૂતોની આવક વધે તેવા અભિગમ સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. રાજકોટમાં ગોંડલ તાલુકાના પાટીદડ ગામમાં એક સંસ્થાના સંશોધન ભવનનું લોકાર્પણ કરતાં શ્રી પટેલે આ વાત કહી. તેમણે કહ્યું, સરકારે ગુજરાતને દેશનું બાયોટૅક કેન્દ્ર બનાવવાના ઉદ્દેશ સાથે બાયોટૅક્નોલૉજી નીતિ જાહેર કરી છે.

બાયોટૅકથી ખેડૂતોની આવક બમણી થશે, જમીનની ગુણવત્તા સુધરશે અને પર્યાવરણ વધુ સલામત રહેશે, તેમ જણાવતા શ્રી પટેલે ખેડૂતોને સ્વદેશી સંશોધન અને ટૅક્નોલૉજી અપનાવવા પર પણ ભાર આપ્યો.

---

## રાજ્ય સરકાર મગફળી ખરીદી:

રાજ્ય સરકારે ખેડૂતો પાસે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરી છે. સત્તાવાર યાદી મુજબ, તારીખ 14 નવેમ્બર સુધી સરકારે 330 કરોડ રૂપિયાથી વધુની કિંમતની 45 હજાર

500થી વધુ મેટ્રિક ટન મગફળી ખરીદી છે. રાજ્યના 219 જેટલા કેન્દ્ર પર 19 હજાર 600થી વધુ ખેડૂતો પાસેથી આ ખરીદી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને મદદ કરવા 10 હજાર કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યું હતું. તેનો લાભ મેળવવા તારીખ 14મી નવેમ્બર ગઈકાલથી કાર્યરત્ કરાયેલા KRP.GUJARAT.GOV.IN પૉર્ટલ પર ખેડૂતો ઑનલાઈન અરજી કરી શકશે.

---

## કચ્છ-માંડવી મારવાડી-બાવરી સમાજ:

કચ્છના માંડવી શહેર ખાતે વિચરતી વિમુક્ત મારવાડી બાવરી સમાજના ૧૮૧ લાભાર્થીઓને સનદ વિતરણ કરીને જમીનની માલીકીના રહેણાંક હક્કો એનાયત કરવામાં આવ્યા હતા. માંડવી મુન્દ્રા ધારાસભ્ય અનિરુદ્ધ દવે, કચ્છ કલેક્ટર આનંદ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં મારવાડી-બાવરી સમાજના લાભાર્થીઓને સનદનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક લાભાર્થીઓને વિનામૂલ્યે ૭૫ ચોરસ મીટરના રહેણાંક પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. આ તમામ લાભાર્થીઓને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત આવરી લઈને આવાસ યોજના માટે પ્રતિ ઘરદીઠ રૂ. ૧.૭૦ લાખની સહાયની મંજૂરીના હુકમો સ્થળ પર જ એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન માંડવી નગરપાલિકાના પ્રમુખ હરેશભાઈ વિંઝોડા, અગ્રણી દર્શનભાઈ ગોસ્વામી, મુન્દ્રા પ્રાંત અધિકારી ભગીરથસિંહ ઝાલા, સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ) એસ.એન.બારૈયા, નગરપાલિકા ચીફ ઓફિસર જિગ્નેશ બારોટ, બાવરી મારવાડી સમાજના અગ્રણીઓ સહિત નગરસેવકો, લાભાર્થીઓ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## કચ્છ-દુધઈ-પુર્વ કચ્છ પોલીસ વડા:

**પૂર્વ કચ્છના દુધઇ પોલીસ મથકનું પોલીસ અધીક્ષક સાગર બાગમારએ વાર્ષિક નિરીક્ષણ કર્યું હતું, સાથે ગ્રામજનોને જાહેર સ્થળોએ  સીસીટીવી લગાવવા અપીલ કરી સાયબર ક્રાઇમ, તેનાથી બચવા સહિતની માહિતી આપવામાં આવી હતી. પૂર્વ કચ્છ પોલીસવડાએ દુધઇ પોલીસ મથકનું વાર્ષિક નિરીક્ષણ કર્યું હતું. દરમ્યાન લોકભાગીદારીથી 80 લાખના ખર્ચે બનતા નવા પોલીસ મથકનું પણ નિરીક્ષણ કરાયું હતું.**

---

## રાજ્ય-હવામાન:

રાજ્યમાં હાલ એકસાથે બે ઋતુનો અનુભવ થશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, મોટા ભાગના જિલ્લાનું તાપમાન સામાન્ય કરતા ઓછું નોંધાયું છે. આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ હોવાનું પણ શ્રી દાસે જણાવ્યું.

---

## ક્રિકેટ-ભારત/દક્ષિણ આફ્રિકા:

**ભારત અને પ્રવાસી દક્ષિણ આફ્રિકા વચ્ચે કોલકત્તા ખાતે રમાઈ રહેલી  વર્તમાન ટેસ્ટ મેચ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના  ગઈકાલે પ્રથમ દિવસે દક્ષિણ આફ્રિકાનો પ્રથમ દાવ 159 રનમાં  સમેટાયો હતો.  ભારતના જશપ્રિત બુમરાહે 27 રનમાં 5 વિકેટ મેળવી હતી.  દિવસના અંતે  ભારતે  1 વિકેટ ગુમાવીને  37 રન કર્યા હતા.**

---